પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૮, મંગળવાર ; ફાગણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### જમ્મુ-કાશ્મીરના નાણામંત્રી બરતરફ

કાશ્મીર રાજનીતિક નહિ પરંતુ સામાજિક મુદો છે એમ કહી વિવાદ છેડનાર જમ્મુ-કાશ્મીરના નાણામંત્રી ડૉ. હસીબદ્રાબૂનને મંત્રીમંડળમાંથી બરતરફ કરવામાં આવ્યા છે.

### નરેશ અગ્રવાલ સ.પા. છોડી ભાજપમાં સામેલ

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા નરેશ અગ્રવાલ પોતાની પાર્ટી છોડી ભાજપમાં ચાલ્યા ગયા છે. તેઓ સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના સાંસદ હતા.

### ઇરાનમાં પ્રાઇવેટ પ્લેનક્રેશમાં ૧૩ના મોત

સંયુકત આરબ અમિરાતના શારજાહથી ઈસ્તંબુલ જઈ રહેલુ તુર્કીનું એક ખાનગી જેટ વિમાન ઈરાનના પર્વતીય વિસ્તારમાં એક પર્વત સાથે અથડાતાં વિમાનમાં બેઠેલા ૧૩ લોકોનાં મોત થયાં છે.

### કાશ્મીરમાં ત્રણ આતંકવાદી ઠાર

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષા બળોની સાથે અથડામણમાં ત્રણ આતંકવાદી માર્યા ગયા છે. મૃત્યુ પામેલા બે આતંકવાદી સ્થાનિક છે અને એકની ઓળખ હજુ સુધી થઈ નથી. આ આતંકીઓની પાસેથી મોટી સંખ્યામાં હથિયાર અને દારૂગોળો મળ્યા છે. સ્થાનિકો લોકોના વિરોધ-પ્રદર્શનની આશંકાને જોતા પ્રશાસને શ્રીનગરમાં સ્કૂલો અને કૉલેજોને બંધ કરી દીધી છે અને ઈન્ટરનેટની સ્પીડ ઘટાડી દીધી છે.

# નેપાળમાં વિમાન દુર્ઘટનામાં ૫૦ના મોત

**ઢાકાથી ઉંડાણ ભર્યા બાદ કાઠમંડુમાં વિમાની મથકે દુર્ઘટનાગ્રસ્ત થયું : વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ ભીષણ આગ ફાટી નિકળી : વિમાનમાં ૬૭ યાત્રીઓ અને ચાર ક્રૂ મેમ્બરો હતા : ૧૭ને બચાવી લેવામાં આવ્યાના અહેવાલ**



કાઠમંડુ,તા. ૧૨

નેપાળના કાઠમંડુ આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર ઉતરાણ દરમિયાન આજે એક યાત્રી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ૫૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. અન્ય અનેક લોકો ઘાયલ પણ થયા છે. આ વિમાનમાં ૩૭ પુરુષો, ૨૭ મહિલાઓ અને બે બાળકો મુસાફરી કરી રહ્યા હતા. ૧૭ ઘાયલ થયેલા લોકોને બચાવી લેવામાં પણ સફળતા હાથ લાગી છે. યુએસ-બાંગ્લા એરલાઈન્સનું વિમાન વિમાની મથક પર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં ભીષણ આગ ફાટી નિકળી હતી અને તમામ યાત્રીઓ ભડથુ થઈ ગયા હતા. બોમ્બાર્ડિયર ડેસ ૮ ક્યુ૪૦૦ વિમાનમાં ૬૭ યાત્રીઓ અને ચાર ક્રૂ મેમ્બરો હતા. ઉતરાણવેળા રનવે ઉપર દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં આગ ફાટી નિકળી હતી. ૫૦થી વધુના મોત થઈ ગયા હતા. ઘાયલોને સારવાર માટે કાઠમંડુ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કેટલાકનો હોસ્પિટલમાં મૃત જાહેર કરાયા હતા. મોટાભાગના લોકો દાઝી જવાના કારણે મૃત્યુ પામ્યા છે. ફલાઈટ યુબીજી ૨૧૧ બાંગ્લાદેશના ઢાકાથી કાઠમંડુના નિયમિત ઉડાણ ઉપર હતું. આ વિમાને ઢાકાથી ઉંડાણ ભરી હતી અને સ્થાનિક સમય ૨.૨૦ વાગે ઉતરાણ કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## આજે સોનિયા ગાંધીના દ્વારા વિપક્ષોની ડિનર બેઠક

**મમતા ગેરહાજર હશે : સૂચિત ડિનરમાં મોટાભાગના વિરોધ પક્ષો હાજરી આપશે**

કોલકાતા, તા. ૧૨

એકબાજુ કોંગ્રેસ ૨૦૧૯ લોકસભા ચૂંટણી પહેલા ભાજપને ભીંસમાં લેવા માટેની તૈયારીમાં છે ત્યારે બીજી બાજુ કોંગ્રેસના આવા પ્રયાસોને પહેલાથી જ મોટો ફટકો પડ્યો છે. કારણ કે સોનિયા ગાંધી દ્વારા આવતીકાલે યોજવામાં આવનાર સૂચિત ડિનરમાં મોટાભાગના વિરોધ પક્ષો સામેલ થઈ રહ્યા છે પરંતુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સામેલ નહી થવાનો સંકેત આપ્યો છે. સોનિયા ગાંધી તરફથી આયોજિત કરવામાં આવેલા આ ડિનરમાં મોટાભાગના વિરોધ પક્ષો સામેલ થનાર છે. લોકસભાની ચૂંટણી પહેલા તમામ રાજકીય પક્ષોને એકત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં સોનિયા ગાંધીના આ પ્રયાસને મમતા બેનર્જીના કારણે ફટકો પડ્યો છે.

સોનિયા ગાંધીના ડિનરમાં તૃણમુલ કોંગ્રેસ તરફથી ડેરેક ઓ બ્રાયન અને સુદીપ બેનર્જી સામેલ થશે પરંતુ પોતે મમતા બેનર્જી સામેલ થશે નહીં. ૧૩મી માર્ચના દિવસે આયોજિત આ ડિનરમાં આરજેડીના નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામેલ થનાર છે. એનડીએ સાથે છેડો ફાટી ચુકેલા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીને પણ આ બેઠકમાં ઉપસ્થિત થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. કોંગ્રેસ તરફથી આયોજિત આ ડિનર પાર્ટીમાં વિપક્ષના કોણ કોણ નેતા સામેલ થશે તેને લઈને મહત્વપૂર્ણ છે. કારણ કે, તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે પણ એનડીએથી અલગ થઈને બિન ભાજપ, બિન કોંગ્રેસ ગઠબંધન બનાવવાનો સંકેત આપી દીધો છે. એટલું જ નહીં આના નેતૃત્વ માટે પણ તૈયારી બતાવી છે. તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી પણ આમા સમર્થન થવા માટે આગળ આવી ચુક્યા છે.

# કાર્તિને વધુ ૧૨ દિવસ જેલવાસ

**ખાસ દિલ્હી કોર્ટે ૨૪મી માર્ચ સુધી જ્યુડિશિયલ કસ્ટડીનો આદેશ કર્યો : પુછપરછમાં સહકાર નહીં કરી રહ્યા હોવાનો સીબીઆઈ દ્વારા કોર્ટમાં ધડાકો કરી ૧૫ દિવસની કસ્ટડી માંગવામાં આવતા ૧૨ દિન મંજુર કરવામાં આવ્યા**

નવી દિલ્હી,તા. ૧૨

આઈએનએક્સ મની લોન્ડરિંગ કેસમાં હાલમાં સીબીઆઈની કસ્ટડીમાં રહેલા અને વ્યાપક તપાસનો સામનો કરી રહેલા કાર્તિ ચિદમ્બરમને કોઈપણ રાહત મળી નથી. કાર્તિ ચિદમ્બરમને ૧૨ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે જેથી હાલમાં કાર્તિને કાયદાકીય તકલીફોનો સામનો કરવો પડશે. કાર્તિને હાલમાં જેલમાં જ રહેવું પડશે. ૨૪મી માર્ચ સુધી ખાસ દિલ્હી કોર્ટે કાર્તિને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ૨૮મી ફેબ્રુઆરીના

● અનુસંધાન પાન-૭ પર

## ફ્રોડ કરનાર ફરાર દોષિતોની બધી સંપત્તિને હવે જપ્ત કરાશે

**અતિ કઠોર જોગવાઈ ધરાવતું બિલ લોકસભામાં રજૂ : ૧૦૦ કરોડથી વધુનું દેવું ધરાવનાર તેમજ દેશથી ફરાર તમામ ડિફોલ્ટરો ઉપર બિલની જોગવાઈઓ લાગૂ કરાશે**



નવીદિલ્હી, તા. ૧૨

નિરવ મોદીને આવરી લેતા પંજાબ નેશનલ બેંક કૌભાંડનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્ર સરકાર અને જુદી જુદી તપાસ સંસ્થાઓ આક્રમક પગલા લઈ રહી છે ત્યારે કેન્દ્ર સરકારે પણ આને લઈને આક્રમક તૈયારી કરી છે. આ પ્રકારના બનાવો અને કૌભાંડ ફરી ન સર્જાય તે માટે સરકારે આજે ખુબ જ કઠોર બિલ રજૂ કર્યું હતું. લોકસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યા બાદ ડિફોલ્ટરો અને ફરાર થઈ ગયેલા શખ્સો સામે સકંજો મજબૂત કરવામાં આવશે. આ બિલમાં તેમની પાસેથી દેવાની વસુલી કરવા માટે લોન ડિફોલ્ટરો અને ફરાર થઈ ચુકેલા છેતરપિંડી કરનાર લોકોની તમામ સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ફગીટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલ ૨૦૧૮નો મુખ્ય હેતુ નિરવ મોદી જેવા ફરાર દોષિતોની તમામ સંપત્તિ વેચી મારવા અથવા તો જપ્ત કરવાની જોગવાઈ કરવાનો છે. નિરવ મોદી પંજાબ નેશનલ બેંકમાં થયેલા ૧૨૭૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં મુખ્ય સુત્રધાર તરીકે છે. આ કાયદા મારફતે હવે ડિફોલ્ટરો ઉપર સકંજો મજબૂત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોની માંગણીઓ સ્વીકારી

**ખેડૂતોની મોટાભાગની માંગણીઓ અંતે સ્વીકારાતા આંદોલનનો અંત : દેવેન્દ્ર ફડનવીસની ખેડૂત પ્રતિનિધિઓ સાથે ત્રણ કલાક લાંબી ચર્ચા : ઐતિહાસિક આઝાદ મેદાન પર ૩૦૦૦૦થી પણ વધારે ખેડૂતો પહોંચી ગયા બાદ બપોરે ખેડૂતો સાથે બેઠક : લેખિતમાં ખાતરી અપાતા ખેડૂતો સંતુષ્ટ થયા**

મુંબઈ,તા. ૧૨

મહારાષ્ટ્રમાં ખેડૂતોના આંદોલનનો આજે આખરે અંત આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલી અંધાધૂંધીનો પણ અંત આવી ગયો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ખેડૂતોને ખાતરી આપી હતી કે, સરકારે તેમની મોટાભાગની માંગણીઓને સ્વીકારી લીધી છે. ખેડૂતોની મુખ્ય માંગણીમાં લોન માફીની માંગણી પણ સામેલ હતી.



ખેડૂતોએ કહ્યું છે કે, સરકારને તેમની માંગણીને પહોંચી વળવા માટે થોડોક સમય આપવામાં આવ્યો છે. મોટાભાગની માંગણી સ્વીકારવામાં આવી હોવાની વાત મુખ્યમંત્રીએ પણ સ્વીકારી છે. લેખિતમાં ખાતરી પણ આપવામાં આવી છે. ખેડૂતોના મુદ્દે આજે જોરદાર દેખાવો થયા હતા. મોટી

સંખ્યામાં ખેડૂતો મુંબઈ પહોંચ્યા હતા. ખેડૂતોના મુદ્દા ઉપર સરકારે તરત જ ધ્યાન આપ્યું છે. મહારાષ્ટ્ર સરકાર દેવામાફી અને સ્વામીનાથન પંચની ભલામણોને લાગૂ કરવાની માંગણી કરી રહેલા ખેડૂતોને મનાવી લેવામાં આખરે સફળ રહી છે. જુદી જુદી માંગોને લઈને લેખિત ખાતરી આપવાની રજૂઆત સરકાર તરફથી કરવામાં આવી હતી. ફડનવીસે પહેલાથી જ રચનાત્મક વલણ અપનાવવાની વાત કરી હતી. મુખ્યમંત્રીની સાથે બપોરે વિધાનસભામાં ખેડૂતોના પ્રતિનિધિમંડળે વાતચીત કરી હતી. આ વાતચીત આશરે ત્રણ કલાક સુધી ચાલી હતી. બેઠક બાદ સરકારે લેખિત ખાતરી પણ આપી હતી. ખેડૂતો નિર્ણયથી સંતુષ્ટ હોવાની વાત સિંચાઈમંત્રી ગીરીશ

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂતો પરત મોકલવા માટે વિશેષ ટ્રેનો દોડાવાઈ

**કેટલીક એક્સપ્રેસ ટ્રેનોમાં વધારાના ડબ્બાઓ ઉમેરવામાં આવ્યા : ખેડૂતોની સમસ્યાના ઉકેલ માટે કમિટિ રચાશે**

મુંબઈ, તા. ૧૨

નારાજ ખેડૂતોની હડતાળનો અંત આવ્યા બાદ ખેડૂતોની મોડી સાંજે પરત ફર્યા હતા. સેન્ટ્રલ રેલવે દ્વારા નાસિક પરત ફરવા ઈચ્છુક ખેડૂતો માટે ખાસ ટ્રેનો પણ દોડાવી હતી. એક ખાસ ટ્રેન રાત્રે ૮.૫૦ વાગે ૧૩ કોચ સાથે ભુસાવલ માટે રવાના થઈ હતી જ્યારે બીજી ખાસ ટ્રેન ભુસાવલ માટે ૧૮ કોચ સાથે રાત્રે ૧૦ વાગે રવાના થઈ હતી.

જ્યારે પંચવટી એક્સપ્રેસમાં વધારાના જનરલ કોચ ગોઠવીને આ ટ્રેન દોડાવવામાં આવી હતી જે ૬.૧૫ વાગે રવાના થઈ હતી. હાવડા મેઈલમાં પણ એક્સ્ટ્રા કોચ ઉમેરીને આને રવાના કરવામાં આવી હતી. દાદર-શિરડી ટ્રેનમાં એક્સ્ટ્રા જનરલ કોચ ઉમેરીને આ ટ્રેનને રાત્રે ૯.૪૫ વાગે રવાના કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારના મંત્રીએ કહ્યું હતું કે, સરકારે પેન્ડિંગ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે ચીફ સેક્રેટરી હેઠળ ખાસ સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે. જે ખેડૂતોના નામ વન્ય જમીન ટ્રાન્સફર કરવાના મુદ્દાનો પણ ઉકેલ લાવશે.

# રિટેલ ફુગાવો ૪ માસની નીચી સપાટીએ

નવીદિલ્હી,તા. ૧૨

રિટેલ ફુગાવો અથવા તો કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુગાવો ઘટીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. રિટેલ ફુગાવો ૪.૪૦ ટકાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. મોંઘવારીમાં ઘટાડો થતાં મધ્યવર્ગને પણ રાહત થઈ છે. ફેબ્રુઆરી મહિનામાં ૪.૪૦ ટકાનો ફુગાવો નોંધાયો છે. આજે શેરબજારમાં કારોબાર પૂર્ણ થયા બાદ રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. આંકડા દર્શાવે છે કે, નવેમ્બર ૨૦૧૭માં રિટેલ ફુગાવો ૪.૮૮ ટકા હતો ત્યારબાદથી આ સૌથી નીચી સપાટી છે. અપેક્ષા કરતા પણ ફુગાવાનો દર ઓછો રહ્યો છે.

૩૦ ટોપના અર્થશાસ્ત્રીઓએ કહ્યું હતું કે, ફુગાવો ૪.૮૦ ટકાની આસપાસ રહેશે પરંતુ આના કરતા પણ રિટેલ ફુગાવો નીચી સપાટીએ રહ્યો છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા અન્ય ડેટામાં પણાવવામાં આવ્યું છે કે, જાન્યુઆરી મહિના માટે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ડિસેમ્બર મહિનામાં ૭.૧ ટકા હતા જો વધીને ૭.૫ ટકા થયો છે. ફેક્ટ્રી ઉત્પાદનનો આંકડો પણ વધી ગયો છે. નિષ્ણાતોની આગાહી કરતા પણ આ આંકડો વધ્યો છે. પોલમાં આ આંકડો ૬.૭ ટકા દર્શાવવામાં આવ્યો હતો. ફુગાવાના દરમાં ઘટાડો થવા માટે જે કારણો રહ્યા છે તેમાં શાકભાજીની કિંમતોમાં તીવ્ર ઘટાડો પણ કારણરુપ છે.

જો કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રજૂ કરવામાં આવેલા ચાર ટકાના આંકડા કરતા રિટેલ ફુગાવાનો આંકડો હજુ પણ ઉંચી સપાટી ઉપર છે. રિઝર્વ બેંક માને છે કે, ફુગાવો એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળા દરમિયાન ૫.૧-૫.૬ ટકાની આસપાસ રહેશે. સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ રિટેલ ફુગાવો હજુ સારી સ્થિતિમાં રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોંગ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર
આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

B.Nanji
વિશ્વાસનું બાંધકામ ૧૯૭૦થી
DBS DESIGN BUILD SERVE
akanksha
4 BHK BUNGLOW
શિખરબંધી દહેરાસરના સાનિધ્યમાં
સુખ-શાંતિ સભર જીવન માટે




શૈક્ષણિક સંસ્થાઓ ફક્ત ૧ મિનિટના અંતરે
સરદાર પટેલ રીંગ રોડ ફક્ત ૨ મિનિટના અંતરે
વટવા જી.આઈ.ડી.સી. ફક્ત ૩ મિનિટના અંતરે
એક્ષપ્રેસ હાઈ-વે ફક્ત ૪ મિનિટના અંતરે
જશોદાનગર-નરોડા રોડ ફક્ત ૫ મિનિટના અંતરે
મણિનગર ફક્ત ૧૦ મિનિટના અંતરે
indiaCOLONY
Home with a Heart
રાધે ઉપવનની પાસે, મહેમદાવાદ રોડ, હાથીજણ, અમદાવાદ.
RERA NUMBER : PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/RAA00930/06117
CALL 70 46 00 04 00 • TOLL FREE 1800-123-6007